અપીલ અરજી નં.૪૦૯ તા.૨૦–૩–૦૯

અરજદારઃ  શ્રી પ્રતિક સુરેશ સોલંકી
સામાવાળાઃ ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રતિક સુરેશ સોલંકીની તા.૨૨–૧૦–૦૮ ની અરજીથી ગુમાસ્તા, પ્રોફેશનલટેક્ષ તેમજ મકાનની આકારણી અંગેની મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા  બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૩–૩–'૦૯ ની અપીલ અરજી  નં.૪૦૯ /૨૦૦૮–૦૯

શ્રી પ્રતિક સુરેશ સોલંકીની  તા.૨૨–૧૦–૦૮ ની અરજીથી ગુમાસ્તા, પ્રોફેશનલટેક્ષ તેમજ મકાનની આકારણી અંગેની મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા  બાબતે  નિયત સમય મર્યાદામાં પત્યુત્તર ન પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને  તા.૨૩–૩–૦૯ ના રોજ  અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ  અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ  આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૯૨ તા.૩૦–૩–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન અને અરજદારને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૯૧૩ તા.૨–૪–૦૯ તેમજ અરજદાર તરફથી તા. ૬–૪–૦૯ થી અત્રેની કચેરીને પૂરક માહિતી પુરી પાડવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારીએપુરી પાડેલ વિગત મુજબ તેમના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૯૧૩ તા.૮–૧૨–૦૮ થી અરજદારને ભાડાની આકારણી ત્રણ વર્ષમાં ૪૦૮ દુકાનોની દાખલ કર્યાનો તેની કાયદાકીય માંગેલ વિગત, ભાગીદારી અંગે ભાડાની આકારણી અંગે માહિતી, છેલ્લા બે વર્ષમાં ભાડાની આકારણી સામે ૧૪૯ કરદાતાઓની ટેક્ષ અપીલ,  મુદ્દા નં.૪ માં રીબેટ આપવામાં આવેલ દુકાનની સંખ્યા ૪૯ ગુમાસ્તા અને વ્યવસાય વેરાને સ્પર્શતી માહિતી વિગેરે  મુદ્દાની ૧ થી ૧૦ ની માહિતી પુરી પાડયાની પત્રની નકલ રજુ કરેલ છે.

અરજદારની મુળ અરજીમાં ગુમાસ્તા, પ્રોફેશનલટેક્ષ તેમજ ભાડાની દુકાનની આકારણી અંગેની મુદ્દા  નં.૧ થી ૧૦ ની માહિતી આપવા  જણાવેલ. જે અરજદારને નિયત સમય મર્યાદામાં નહીં મળવાથી અપીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૯૧૩ તા.૮–૧૨–૦૮ થી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. અરજદારને  જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી મળેલ છે કેમ? તથા તે અંગે કોઈ નારજગી હોય તો તેની વિગત જણાવવા પત્ર ધ્વારા જણાવેલ  અનુસંધાને તેઓ તરફથી  તા.૪–૪–૦૯ ના રોજ જણાવેલ કે અમોને કોઈ જવાબ મળેલ નથી.

અરજદારે માંગેલ માહિતી મહદઅંશે આરટીઆઈ એકટની કલમ–૪(૧બી) હેઠળની સ્વયં જાહેર કરવાયોગ્ય પ્રકારની માહિતિમાં સમાવિષ્ટ પ્રકારની જણાય છે. અત્રેના જાહેર સત્તામંડળની વેબસાઈટ પર પણ તે પૈકીની વિગતો ઉપલબ્ધ થઈ શકે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને  લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૨–૧૦–૦૮ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી  અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સંબંધે  કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી  અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં સદર પત્રની નકલ પુનઃ અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭માં મોકલી આપવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરછાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ :  –૪ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧)  ઝોનલચીફ અને  જાહેર માહિતી અધિકારી ,વરાછાઝોન,.......જાણ તથા અમલ માટે.
(૨)  શ્રી પ્રતિક સુરેશ સોલંકી